RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 15, Issue : 59, Dt.20-05-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાજ્યભરમાં આગામી ચાર દિવસ માટે હીટવેવ દઝાડશે



## હવામાન વિભાગની આગાહીઃ ઉત્તર-મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઓરેન્જ-યલો એલર્ટ, સાંજે ૪ વાગ્યે તાપમાન ૪૫ ડિગ્રી પહોંચશેઃ ૪૦ કિ.મી. સુધીની ઝડપે લૂ ફૂંકાશેઃ ચાલુ સપ્તાહમાં પવનની ગતિ પણ તેજ રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ માટે રાજ્યના અનેક જિલ્લાઓમાં હીટવેવની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ સાથે જ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઓરેન્જ એલર્ટ તથા યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગરમીનો પારો સતત વધી રહ્યો છે. મોટા ભાગના જિલ્લામાં મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી આસપાસ રહ્યું હતું. ત્યારે આજે પણ ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, મધ્ય ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર અને સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર સહિતના જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતાઓ છે. જેમ જેમ દિવસ પસાર થશે તેમ શરીર દઝાડતી ગરમી પડશે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાન ૪૪.૯ જ્યારે લઘુતમ ૩૧.૨ ડિગ્રી નોંધાયું હતું. મહત્ત્વનું છે કે, ૪૪.૯ ડિગ્રી એ આ સિઝનની સૌથી વધુ ગરમી નોંધાઈ છે.

એક તરફ ગરમીને કારણે ગુજરાતમાં અનેક લોકોના ગભરામણ થવાથી તેમજ શ્વાસ ન લેવાની તકલીફથી મોત નીપજ્યાં છે. વડોદરા અને સુરતમાં છેલ્લા બે દિવસમાં ગરમીને કારણે ૧૩ લોકોનાં મોત નીપજ્યા છે. તેથી બપોરના સમયે બહાર ન નીકળવું હિતાવહ રહેશે. સામાન્ય રીતે કહેવામાં આવે છે કે, બપોરના ૧૨:૦૦ વાગ્યાથી ૪:૦૦ વાગ્યા દરમિયાન બહાર ન નીકળવું, પરંતુ અમદાવાદ સહિત આસપાસના વિસ્તારમાં રાત્રે ૮:૦૦ વાગ્યા સુધી પણ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહે છે. રાત્રે પણ ગરમ લૂ જેવા પવનો ફૂંકાતા હોય છે, તેને કારણે પણ હીટસ્ટ્રોકની અસર થઈ શકે છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર ગઈકાલે રાજ્યનાં ૮ શહેરોમાં હીટવેવની અસર રહી હતી. જ્યારે જૂનાગઢના કેશોદમાં સિવિયર હીટવેવની અસર રહી હતી. હવામાન વિભાગે અગાઉ કરેલી આગાહી અનુસાર હજુ પણ આગામી ૪ દિવસ વિવિધ જિલ્લાઓમાં હીટવેવની અસર રહેશે. ત્યારે ગઈકાલે ભાવનગર, પોરબંદર, સુરેન્દ્રનગર તેમજ ભાવનગરના મહુવામાં તથા આણંદમાં, બનાસકાંઠાના ડીસામાં, દક્ષિણ ગુજરાતમાં સુરત અને વલસાડમાં હીટવેવની અસર રહી હતી. આજે પણ આ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટની સાથે હીટવેવની શક્યતાઓ છે.

અમદાવાદ શહેરમાં આજે વહેલી સવારે સામાન્ય વાદળો જોવા મળ્યાં હતાં. ત્યાર બાદ ધીમે ધીમે દર કલાકે તાપમાનમાં વધારો થશે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાન ૪૪.૯ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. જ્યારે લઘુતમ તાપમાન ૩૧.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ત્યાર બાદ વહેલી સવારથી જ તાપમાન સવારે ૮:૦૦ વાગ્યા સુધીમાં ૩૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયા બાદ સવારે ૧૦:૦૦ વાગ્યા સુધીમાં ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં વધારો થઇને ૩૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# લોકસભાની ચૂંટણીના પાંચમાં તબકકામાં બપોર સુધીમાં સરેરાશ ૩૭ ટકા મતદાન

**મુખ્ય સમાચાર, મુંબઈ**

લોકસભા ચૂંટણી ૨૦૨૪ ના પાંચમા ચરણની ચૂંટણીનું મતદાન આજ સવારથી શરૂ થઈ ગયુ છે. ૮ રાજયો અને ૨ કેન્દ્ર શાસીત પ્રદેશોની ૪૯ સીટો પર આજે વોટીંગ શરૂ થયુ છે. આ તબકકામાં ઉતર પ્રદેશની ૧૪, મહારાષ્ટ્રની ૧૩, પશ્ચિમ બંગાળની ૭, ઓરિસ્સાની ૫, બિહારની ૫, ઝારખંડની ૩, જમ્મુ-કાશ્મીરની ૧ અને લદાખની ૧ સીટ પર મતદાન થઈ રહ્યું છે.



આજે પાંચમા ચરણમાં બોલિવુડ સહીત વિવિધ ક્ષેત્રની હસ્તીઓએ વોટીંગ કર્યું હતું. અક્ષયકુમાર, જાહનવી કપુર, સાન્યા મલ્હોત્રા સહીતનાએ મતદાન કર્યું હતું. પાંચમા ચરણમાં અનેક દિગ્ગજોની પ્રતિષ્ઠા દાવ પર લાગી છે.

જેમાં રક્ષામંત્રી રાજનાથસિંહ, કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, ચિરાગ પાસવાન, રાજીવ પ્રતાપ રૂડી, રોહીણી આચાર્ય, જમ્મુ-કાશ્મીરનાં પૂર્વ સીએમ ઓમર અબ્દુલ્લાહ અને પિયુષ ગોયેલ જેવા અનેક દિગ્ગજો સામેલ છે.

આજે મુંબઈમાં મતદાન દરમ્યાન સવારે બોલીવુડની અનેક હસ્તીઓએ મતદાન કર્યું હતું. એકટર અક્ષયકુમાર, અભિનેત્રી જહાનવી કપુર, એકટર ડાયરેકટર ફરહાન અખ્તર, અને ડાયરેકટર ઝોયા અખતરે મતદાન કર્યું હતું.

# અમદાવાદ એરપોર્ટ પરથી ચાર આતંકી ઝડપાતા ખળભળાટ

## ગુજરાત ATSએ મૂળ શ્રીલંકન એવા ISISના ચાર શખ્સને દબોચ્યા, સ્લીપર સેલ છે કે નહીં તેની તપાસ શરૂ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત એટીએસએ આજે અમદાવાદ એરપોર્ટ પરથી ISISના ચાર આતંકવાદીની ધરપકડ કરી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે મૂળ શ્રીલંકાન નાગરિક અમદાવાદ એરપોર્ટ પર આવ્યા હોવાની સેન્ટ્રલ એજન્સીના ઇનપુટ બાદ આ ચારેય શખ્સને ઝડપી લેવામાં આવ્યા છે. ગુજરાતમાં અથવા અન્ય રાજ્યમાં કોઈ કનેક્શન છે કે નહીં તે શોધવાની પ્રક્રિયા એટીએસએ હાથ ધરી છે.

તો બીજી તરફ આજે અમદાવાદમાં IPLની ત્રણ ટીમ પહોંચવાની છે. મંગળવારે ક્વોલિફાયર-૧ અને બુધવારે એલિમિનેટર મેચ રમાવવાની હોવાથી આ ટીમો આજે અમદાવાદ ખાતે પહોંચવાની છે. આ ટીમોમાંથી બપોરે ૧૨:૩૦ કલાકે આરસીબીની ટીમ અમદાવાદ એરપોર્ટ ખાતે પહોંચી હતી, આમ એરપોર્ટ પરથી આતંકી ઝડપાતા હાઇ એલર્ટ જેવી સ્થિતિ ઉભી થઈ છે.





સુત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર છેલ્લા ઘણા સમયથી સેન્ટ્રલ એજન્સી દ્વારા ગોલ્ડ સ્મગલિંગ અને અન્ય વસ્તુઓ પર નજર રાખવામાં આવી રહી હતી, તે સમયે એક સેન્ટ્રલ એજન્સીએ ગુજરાત એટીએસ સાથે મળીને કેટલાક ઇનપુટ શેર કર્યા હતા. ત્યારબાદ ગુજરાત એટીએસની ટીમ અમદાવાદ એરપોર્ટ પર ખાસ વોચમાં હતી તે સમયે એક શકમંદ તેમના રડારમાં આવ્યો હતો અને તેની અટકાયત કરીને પૂછપરછ શરૂ કરી હતી.

આ અંગે મળતી માહિતી પ્રમાણે જે ચાર શખ્સોની અટકાયત કરવામાં આવી છે તે આતંકવાદી સંગઠન આઈએસઆઈએસ આતંકવાદી છે અને તે સંગઠન સાથે ઘણા સમયથી સક્રિય હતા. તેઓ મૂળ શ્રીલંકન નાગરિક છે અને તે અમદાવાદ એરપોર્ટ શા માટે આવ્યો? ગુજરાત તેમજ ભારતમાં કોઈ મોમેન્ટ છે અથવા તેના કોઈ સ્લીપર સેલ છે કે નહીં તે તપાસવા માટે ગુજરાત એટીએસ દ્વારા પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

# ED અને CBI બંધ કરી દઈશું, હું પ્રસ્તાવ લાવીશ..:અખિલેશ યાદવનો મોટો દાવો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી વચ્ચે રાજકારણમાં અનેક મુદ્દા ઊછળી રહ્યા છે ત્યારે સમાજવાદી પાર્ટી અને I.N.D.I.A. ગઠબંધનના દિગ્ગજ નેતા અખિલેશ યાદવે હવે ઈડી અને સીબીઆઇને લઈને એક નવો મુદ્દો ઊઠાવ્યો છે.

અખિલેશ યાદવે એક મોટી માગ કરતાં કહ્યું કે ઈડી અને સીબીઆઈનો ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર દ્વારા દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. જો I.N.D.I.A. ગઠબંધનની સરકાર બનશે તો હું પોતે કેન્દ્ર સરકાર સમક્ષ પ્રસ્તાવ લાવીશ કે ઈડી અને સીબીઆઇને બંધ કરી દેવામાં આવે. આ બંને એજન્સીઓ બિનજરૂરી છે.



અખિલેશ યાદવે કહ્યું કે ઈડી અને સીબીઆઈ બંધ થવા જોઈએ. જો કોઇ છેતરપિંડી કે કૌભાંડ કરશે તો તપાસ કરવા માટે આવકવેરા વિભાગ છે. તે તપાસ જોઈ લેશે, સીબીઆઈની શું જરૂરી છે? દરેક રાજ્યમાં એન્ટી કરપ્શન ડિપાર્ટમેન્ટ પણ છે. જરૂર પડશે તો તેનો ઉપયોગ કરાશે. ભાજપ દ્વારા ઈડી-સીબીઆઈનો ઉપયોગ પણ રાજકીય લાભ ખાટવા માટે જ કરવામાં આવી રહ્યો છે.

જો સરકાર બનાવવી હોય કે પાડી દેવી હોય ત્યારે ભાજપ ઈડી સીબીઆઈને હથિયાર તરીકે ઉપયોગમાં લે છે. નોટબંધીના સમયે જ્યારે આવી એજન્સીઓએ તપાસ કરવી જોઇતી હતી ત્યારે કેમ ન કરી? લોકોએ તેમના કાળા નાણા સફળતાપૂર્વક વ્હાઈટ કેવી રીતે કરી લીધા? આવી એજન્સીઓ ત્યારે તપાસ કરવામાં કેમ નિષ્ફળ રહી?

# ગુજરાતમાં તા.૧૯ થી ૩૦ જૂન વચ્ચે ચોમાસાની એન્ટ્રી થશેઃ આંદામાન નિકોબારમાં આગમન

## મધ્યપ્રદેશમાં ૧૬થી ૨૧ જૂન, રાજસ્થાનમાં ૨૫ જૂન, કેરળમાં ૩૧ મેએ મેઘસવારી પહોંચશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, ચોમાસું આંદામાન-નિકોબાર પહોંચી ગયું છે. તે ૩૧મી મે સુધીમાં કેરળ પહોંચશે. ગયા વર્ષે પણ અંદામાન અને નિકોબાર ટાપુઓમાં ચોમાસું ૧૯ મેના રોજ પહોંચ્યું હતું, પરંતુ કેરળમાં ૯ દિવસ મોડું ૮ જૂને પહોંચ્યું હતું.

આ વર્ષે ચોમાસું સામાન્ય તારીખ પહેલાં પણ કેરળમાં આવી શકે છે. જો કે કેરળમાં ચોમાસાના આગમનની સામાન્ય તારીખ ૧ જૂન છે. જાહેર કરેલી તારીખમાં ૪ દિવસ વધુ કે ઓછા રહેવાની શક્યતા છે. એટલે કે ચોમાસું ૨૮મી મેથી ૩જી જૂન વચ્ચે ગમે ત્યારે પધરામણી કરી શકે છે.IMD અનુસાર મધ્યપ્રદેશમાં ૧૬ થી ૨૧ જૂન અને રાજસ્થાનમાં ૨૫ જૂનથી ૬ જુલાઈ સુધી ચોમાસું પહોંચે તેવી શક્યતા છે. જ્યારે યુપીમાં તે ૧૮ થી ૨૫ જૂન સુધી અને બિહાર-ઝારખંડમાં ૧૮ જૂન સુધીમાં પહોંચી જશે.





IMDના ડેટા અનુસાર કેરળમાં ચોમાસાના એન્ટ્રીની તારીખો છેલ્લાં ૧૫૦ વર્ષોમાં તદ્દન અલગ રહી છે. ૧૯૧૮માં ચોમાસું ૧૧ મેના રોજ સૌ પ્રથમ કેરળ પહોંચ્યું હતું, જ્યારે ૧૯૭૨માં તે ૧૮ જૂનના રોજ સૌથી મોડા કેરળ પહોંચ્યું હતું. છેલ્લાં ચાર વર્ષની વાત કરીએ તો ૨૦૨૦માં ચોમાસું ૧ જૂન, ૨૦૨૧માં ૩ જૂન, ૨૦૨૨માં ૨૯ મે અને ૨૦૨૩માં ૮ જૂને કેરળ પહોંચ્યું હતું.

અલ નીનો અને લા નીના એમ બે જળવાયુની પેટર્ન છે. ગયા વર્ષે અલ નીનો સક્રિય હતું, જ્યારે આ વખતે અલ નીનોની સ્થિતિ આ અઠવાડિયે સમાપ્ત થઈ ગઈ છે અને ત્રણથી પાંચ સપ્તાહમાં લા નીનાની સ્થિતિ સર્જાય તેવી શક્યતા છે. ગયા વર્ષે, અલ નીનો દરમિયાન, સામાન્ય કરતાં ૯૪% ઓછો વરસાદ પડ્યો હતો. ૨૦૨૦થી ૨૦૨૨ દરમિયાન લા નીના ટ્રિપલ ડીપ દરમિયાન, ૧૦૯%, ૯૯% અને ૧૦૬% વરસાદ થયો હતો.

# માંડા ડુંગર પાસે આજી ડેમના કાંઠે મહિલાના કપાયેલા બે પગ મળતાં ખળભળાટ

## ગ્રેગીંગ થતાં દર્દીના પગ કાપી અયોગ્ય નીકાલ કરાયાની શક્યતા વધુઃ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ પોલીસ આગળ કાર્યવાહી કરશે







(તસ્વીરઃ આનંદ જાવિયા)



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આજી ડેમના કાંઠા નજીકથી કપાયેલા બે પગ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. બંને પગ મહિલાના હોવાની આશંકા સેવાઇ રહી છે. મહિલાની હત્યા કરી લાશના કટકા કરીને ફેંકી દેવાયા હતા કે કોઇ બીમાર મહિલા દર્દીના તબીબે પગ કાપ્યા હોઇ અને મેડિકલ વેસ્ટનો અયોગ્ય રીતે નિકાલ કરાયો છે? તે જાણવા પોલીસે તપાસ આરંભી છે. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ પોલીસ આગળ કાર્યવાહી કરશે.

શહેરના ભાવનગર રોડ પર માંડાડુંગર નજીક આજી ડેમના કાંઠા પાસે બે પગ પડ્યા હોવાની માહિતી મળતાં આજી ડેમ પોલીસ સ્ટેશનના પીઆઇ એ. બી. જાડેજા, અને ડી. સ્ટાફની ટીમ તેમજ ક્રાઇમ બ્રાંચની ટીમોએ દોડી જઇ તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો. પોલીસને બંને પગ થોડા થોડા અંતરથી મળ્યા હતા. બંને પગ ગોઠણથી નીચેના ક ભાગથી પગના તળિયા સુધીના હતા. પગના પંજા ખવાઈ ગયેલી સ્થિતિમાં હતા અને પાંચેક દિવસ પહેલાંના અંગો હોવાથી કોહવાઈ ગયા હતા. શરીરના અન્ય કોઇ અંગો પાણીમાં છે કે કેમ? તેની પણ પોલીસે આસપાસમાં તપાસ કરાવી હતી. પણ બીજા કોઇ અંગ મળ્યા ન હોઇ મેડીકલ વેસ્ટ તરીકે કોઇ દર્દીના કપાયેલા પગનો અહિ નીકાલ થયાની શક્યતા વધુ જણાઇ હતી.

આમ છતાં પોલીસે અલગ અલગ દિશામાં તપાસ યથાવત રાખી હતી. પોલીસે પગ જ્યાંથી મળ્યા તેની નજીકના આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. પણ બીજા અંગો મળ્યા નહોતાં. બંને પગ મહિલાના હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. જોકે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ જ સમગ્ર ચિત્ર સ્પષ્ટ થશે.

# જામજોધપુર તાલુકાના વીરપુર ગામમાં બે જૂથ વચ્ચે અથડામણ થતાં એકનું મોત, ૪ લોકો ઘાયલ






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના જામજોધપુર તાલુકાના વીરપુર ગામમાં બે જૂથ વચ્ચે અથડામણ થતાં એકનું મોત , ૪ લોકો ઘાયલ જામજોધપુર તાલુકાના વીરપર ગામે માતાજીના મંદિરે કર માટે ભેગા થયેલા લોકોમાં બે પરિવાર વચ્ચે ચાલતા વાંધા વાળા લોકો પણ ભેગા થઇ જતાં તેની બહેનને તેડી ન જવાનો ખાર રાખી બે પરિવાર વચ્ચે ધોકા અને છરીઓ ઉડતા એક વ્યકિતનું મોત નિપજયું હતું, જયારે એકની હાલત ગંભીર ગણાવાઇ રહી છે, આ ધીગાણામાં અન્ય બે પણ ઘાયલ થયા છે. બનાવના પગલે પોલીસ કાફલો ઘટના સ્થળે તેમજ જામનગર જી.જી. હોસ્પિટલમાં દોડી ગયો હતો અને બન્ને પક્ષે ફરિયાદ લેવાની તજવીજ હાથ ધરી છે.જામજોધપુરના લીલોઇ ગામે રહેતા વીરા પાલા કાપરીયાના લગ્ન પુના માંડણ વીરમની બહેન સાથે થયા હતાં પરંતુ બે વર્ષથી તે માવતરે બેઠી હતી તેને તેડવા વીરા પાલા જતો ન હતો, આ બાબતે બન્ને પરિવાર વચ્ચે ઘણા સમયથી મનદુ:ખ ચાલતું હતું દરમિયાન રવિવારે વીરપર ગામે આવેલા માતાજીના મંદિરે કર ઉતારવાનો ધાર્મિક કાર્યક્રમ હોય જેમાં ૪૦૦ જેટલા લોકો ભેગા થયા હતાં જેમાં આ બન્ને પરિવારો ભેગા થઇ જતાં બોલાચાલી બાદ વાતાવરણ ઉગ્ર બની જતાં છરીઓ અને ધોકા ઉડયા હતાં, જેમાં વીરા પાલા કાપરીયાનું મોત નિપજયું હતું, જયારે માડા સામત કાપરીયાને ગંભીર ઇજાઓ પહોચતા તાત્કાલીક જી.જી. હોસ્પિટલ જામનગર ખસેડવામાં આવ્યો હતો. સામા પક્ષે પુના માડણ વીરમને પણ ઇજા પહોચી છે. બનાવના પગલે અફડાતફડીનો માહોલ ફેલાઇ ગયો હતો, શેઠવડાળા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઇ હતી અને ઘાયલોને હોસ્પિટલ પહોચાડયા હતાં. જી.જી. હોસ્પિટલમાં ડીવાયએસપી દેવધા સહિતના અધિકારીઓ દોડી ગયા હતાં. પોલીસે બન્ને પક્ષે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે

## જામનગર શહેરમાંથી ૧૦ નંગ ચોરાઉ મોબાઈલ ફોન સાથે એક શખ્સને પોલીસે દબોચી લીધો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાંથી ૧૦ નંગ ચોરાઉ મોબાઈલ ફોન સાથે એક શખ્સને પોલીસે દબોચી લીધો જામનગર શહેરના એસટી ડેપો પાસેથી સીટી-એ પોલીસે શંકાસ્પદ રીતે આટાફેરા કરી રહેલા શખ્સને પકડી પુછપરછ કરી તેની ઝડતી લેતા તેની પાસેથી ૧૦ મોબાઇલ ફોન મળી આવતા પોલીસે રૂા. ૭૬ હજારના મોબાઇલ કબ્જે કરી તેની પુછપરછ હાથ ધરી છે.જામનગર શહેરના એસટી ડેપોથી આગળ શકિતરાજ હોટલ



પાસે એક ઇસમ ચોરાઉ મોબાઇલ વેચવા માટે આટાફેરા કરી રહયો હોવાની બાતમી સીટી-એ પોલીસને મળતા તેમણે ત્યાં વોચ રાખી મયુર પ્રકાશભાઇ મયડા નામના મજૂરી કરતા શખ્સને અટકાવીને પુછપરછ કરતા તેની પાસેથી ૧૦ મોબાઇલ રૂા. ૭૬ હજારની કિંમતના મળી આવતા પોલીસે હાલ તો તેને શંક પડતી મિલ્કત તરીકે કબજે કરી મયુરની પુછપરછ હાથ ધરી છે. પોલીસે મોબાઇલના આધારે તપાસ શરૂ કરી માલિકની શોધખોળ હાથ ધરી છે.

## વાંકાનેરમાં ટાઇલ્સ ફેક્ટરીમાંથી ઈકો કારમાં અપહરણ કરી પૈસાની માંગણીના ગુનામાં વોન્ટેડ ત્રણ આરોપી પકડાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના સરતાનપર નજીક આવેલ લેંડગ્રીસ ટાઇલ્સ ફેક્ટરીમાં કામ કરતા બે યુવકને ઇકો કારમાં આવી અપહરણ તથા ગેરકાયદેસર ગોંધી રાખી પરિવાર પાસે પૈસાની માંગણી કરવાના કેસમાં ફરાર આઠ પૈકી ત્રણ આરોપીઓને વાંકાનેર તાલુકા પોલીસે મધ્યપ્રદેશના ધાર જીલ્લાના અલગ અલગ ગામડાઓમાંથી ઝડપી લેવામાં આવ્યા છે. આ સાથે ગુનાના કામમાં ઉપયોગમાં લીધેલ ઇકો કાર પણ કબ્જે લઇ ત્રણેય આરોપીને વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં લવાયા છે.

સમગ્ર બનાવની ટૂંક વિગત મુજબ



વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન ગત તા. ૦૩/૦૫ ના રોજ ફરીયાદી વિકાસ ગુડા બારેલા રહે ગામ-નવલપુરા તા.અંજડ મધ્યપ્રદેશવાળાને આરોપીઓ રણજીત દોલા વસુનીયા, સંગ્રામ છગન કટારા, લવકુશ રામા મેડા, રામકિશન તથા અન્ય ઇસમો એમ કુલ આઠ આરોપીઓએ ફરીયાદી વિકાસનો સાળો આરોપી રણજીત વાસુનીયાની દિકરીનુ અપહરણ કરી લઇ ગયેલ હોય જે મળી ગયેલ છે તેમ કહી સરતાનપર રોડ ઉપર આવેલ લેન્ડગ્રીસ ટાઇલ્સ ફેક્ટ્રીના ગેઇટ બહાર વિકાસને બોલાવી વિકાસ તથા તેની સાથે ફેક્ટરીમાં કામ કરતો સોનુને બળજબરીથી ઇકો ગાડીમાં બેસાડી મધ્યપ્રદેશ રાજયના ધાર જીલ્લાના દોલતપુરા ગામે લઇ જઇ ગેરકાયદેસર અટકાયતમાં રાખી વિકાસના પરિવાર પાસે ફોન પર પૈસાની માંગણી કરી અને જો પૈસા નહી આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપી અને બાદ મધ્યપ્રદેશ રાજયના સ્થાનિક પોલીસ સ્ટેશનનો વિકાસ દ્વારા ફોનથી સંપર્ક કરી ધાર જીલ્લાના અમઝોરા પોલીસ સ્ટેશનના દસઇ પોલીસ ચોકીમાં ફરીયાદી વિકાસે પોતાની ફરિયાદ નોંધાવી હતી.

ઉપરોક્ત ગુનાની ગંભીરતાને ધ્યાને લઇ આ ગંભીર ગુનાના આરોપીઓને પકડી પાડવા મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની સુચના મુજબ મોરબી જીલ્લામાં બનતા ગંભીર પ્રકારના ગુન્હાઓમાં ફરાર આરોપીઓને પકડી પાડવા કડક સુચના કરતા જે અનુસંધાને વાંકાનેર વિભાગ નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ.સારડા તથા વાંકાનેર સીપીઆઇ વી.પી.ગોલના માર્ગદર્શન હેઠળ વાંકાનેર તાલુકા પોલીસ મથક પીએસઆઇ તથા સર્વેલન્સ સ્ટાફ સાથે મધ્યપ્રદેશ રાજયના ધાર જીલ્લા ખાતે જઇ આરોપીઓની માહીતી મેળવી આરોપીઓ અલગ અલગ ગામડાઓમાં રહેતા હોય જેથી સ્થાનીક પોલીસ સાથે રાખી ગામડાઓમાં નાઇટ કોમ્બીંગ કરી આરોપી રણજીત દોલા વસુનીયા રહે.દોલતપુરા જી.ધાર મધ્યપ્રદેશ, સંગ્રામ છગનલાલ કટારા રહે.આંનદ ખેડી જી.ધાર મધ્યપ્રદેશ તથા આરોપી લવકુશ ઉર્ફે લોકેશ રામાજી મેડા રહે.હનુમતીયા ફાગ જી.ધાર મધ્યપ્રદેશને ઝડપી લેવામાં સફળતા મળી હતી. આ સાથે

ગુનામાં ઉપયોગમાં લીધેલ ઇકો કાર રજી. એમપી-૧૧-સીસી-૭૬૮૪ કબ્જે લેવામાં આવી હતી. ત્યારે ઉપરોક્ત સફળ કામગીરી વાંકાનેર તાલુકા પોલીસ મથકના પીએસઆઇ એલ.એ.ભરગા તથા પોલીસ હેડ કોન્સ.મયુરધ્વજસિંહ જાડેજા, એ.એસ.આઇ.ચમનાભાઇ ચાવડા, પો.કોન્સ.સંજયસિંહ જાડેજા, વિજયભાઇ ડાંગર, દિનેશભાઇ લોખીલ તથા વલ્લભાઇ એમ.ટી. વિભાગ મોરબીવાળા દ્વારા કરવામાં આવી હતી.

## જામનગર શહેરમાં ઈંગ્લીશ દારૂની ૪૧૪ બોટલ ઝડપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લાના પોલીસ અધીક્ષક પ્રેમસુખ ડેલૂએ જામનગર જીલ્લા માથી દારૂ જુગારની બદીને નેસ્ત નાબુદ કરવા પ્રોહીબીશન તથા જુગાર ધારાના કેસો શોધી કાઢવા સુચના કરતા એલ.સી.બી. ના પોલીસ ઇન્સ .વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. ના પો.સ.ઇ. આર.કે.કરમટા તથા પો.સ.ઇ. પી.એન.મોરી તથા સ્ટાફના માણસો પ્રોહી જુગારના કેસો શોધી કાઢવા અંગે જામનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા . દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના સંજયસિંહ વાળા , હિતેન્દ્રસિંહ જાડેજા , દિલીપભાઇ તલાવડીયા તથા કાસમભાઇ બ્લોચને મળેલ ખાનગી હકિકત આધારે જામનગર શહેરમાં વિનાયકપાર્કની પાછળ , મધુવન સોસાયટીમાં નદીના કાઠે આવેલ વંડા



માંથી આરોપી જીગરભાઇ ઉર્ફે રવીકુસ મનસુખભાઇ ભાનુશાળીના કબ્જાનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની મોટી બોટલો કુલ નંગ -૪૧૪ કિ.રૂ. ૧,૦૨,૬૦૦નો મુદામાલ કબ્જે કરી મજકુર આરોપી વિરૂધ્ધ પો . હેડ કોન્સ . દિલીપભાઇ તલાવડીયાએ ફરીયાદ રીપોર્ટ આપતા પો . હેડ કોન્સ .કાસમભાઇ બ્લોચએ પ્રોહીબીશન ધારા હેઠળ કાયદેસર ની કાર્યવાહી કરેલ છે .રેઇડ દરમ્યાન મજકુર આરોપી હાજર મળી આવેલ ન હોય જેને પકડવાની કાર્યવાહી ચાલુમાં છે .આ કાર્યવાહી પો.ઇન્સ. વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ. આર.કે.કરમટા તથા પો.સ.ઇ. પી.એન.મોરી તથા એલ.સી.બી. સ્ટાફના સંજયસિંહ વાળા , હરપાલસિંહ સોઢા , ભરતભાઇ પટેલ , નાનજીભાઇ પટેલ , શરદભાઇ પરમાર , દિલીપભાઇ તલવાડીયા , વનરાજભાઇ મકવાણા , ધાનાભાઇ મોરી , હિતેન્દ્રસિંહ જાડેજા , અરજણભાઇ કોડીયાતર , મયુદીનભાઇ સૈયદ , ક્રિપાલસિંહ જાડેજા , કાસમ બ્લોચ , નિર્મળસિંહ જાડેજા , કિશોરભાઇ પરમાર , હરદીપભાઇ બારડ , રૂષીરાજસિંહ વાળા , મયુરસિંહ પરમાર , કલ્પેશભાઇ મૈયડ , ધમેન્દ્રસિંહ જાડેજા , દયારામ ત્રિવેદી , બીજલભાઇ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા , ભારતીબેન ડાંગર વિગેરે દ્વારા કરવામા આવેલ છે .

## જામનગરની મોટી ખાવડીમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતો નકલી ડોક્ટર ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની મોટી ખાવડીમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતો નકલી ડોક્ટર ઝડપાયો.જામનગરની મોટી ખાવડી ગામમાંથી પશ્ચિમ બંગાળના શખ્સે ડોક્ટરની ડિગ્રી ન હોવા છતાં દવાખાનું ખોલીને દર્દીઓને દવા આપી અને આરોગ્ય સાથે ચેડા કરતાં SOGની ટીમે દરોડા પાડી ઝડપી લીધો છે તેમજ દવા અને ડોક્ટરને લગતા સાધનો કબજે કરી ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.તેમજ લાલપુર તાલુકાના મોટી ખાવડી ગામની મેન બજારમાં બીજોન બિશ્વાસ નામનો શખ્સ મેડિકલ ડોક્ટરને લગતી ડિગ્રી ધરાવતા




ન હોવા છતાં વિશ્વાસ હોસ્પિટલ નામનું નકલી દવાખાનું ખોલી દર્દીઓની તપાસ કરી અલગ અલગ પ્રકારની દવા તેમજ ઇન્જેક્શન આપી તેમજ બાટલા ચડાવી રૂપિયા વસૂલ કરતો હોવાની SOG ને ચોક્કસ બાતમી મળી હતી.જે બાતમીના આધારે જ્યત્રદ્દ પીઆઇ બિ.એન.ચૌધરી ની સૂચનાથી પીએસઆઇ એલ.એમ. ઝેરે સહિતના સ્ટાફ સાથે દરોડા પાડીને મૂળ પશ્ચિમ બંગાળના શખ્સને ઝડપી પાડી લઈને તેના કબજામાં જુદી જુદી કંપનીઓની દવાઓ સ્ટેથોસ્કોપ, બીપી માપવાનું મશીન અને સાધનો મળીને કુલ રૂપિયા ૩૫૧૫ નો મુદ્દામાલ કબજે કરી લગત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી આગળની તપાસ ચલાવવામાં આવી રહી છે.

## જામનગરમાં આગામી તા. ૨૩ મેના બૌદ્ધ સમાજ દ્વારા બુદ્ધ જયંતી નિમિત્તે શાંતિ શોભાયાત્રા નીકળશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં આગામી તા. ૨૩ મે ને ગુરુવારે બૌદ્ધ સમાજ દ્વારા જામનગરમાં બુદ્ધ જયંતી નિમિત્તે જામનગરમાં શાંતિ શોભાયાત્રા નીકળશે. આ શોભાયાત્રાનું પ્રસ્થાન જુના રેલવે સ્ટેશન, ડો. આંબેડકર માર્ગ, જ્યોતિબા ફૂલે ચોકથી થશે અને જ્યોતિબા ફૂલે ચોક, ત્રણબત્તી, બેડીગેઈટ, રણજીત રોડ, ચાંદીબજાર, સેન્ટ્રલ બેંક,



હવાઈચોક, પંચેશ્વર ટાવર, વિભાજી હાઈસ્કૂલ થઈ ડો. આંબેડકરની પ્રતિમા પાસે લાલબંગલા સર્કલમાં વંદના સભામાં પરિવર્તિ થશે. શાંતિ શોભાયાત્રામાં બૌદ્ધો, દલિતો, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, બામસેફ તથા ભાઈ-બહેનો જોડાશે. તે પહેલા સવારે ૮ થી ૯ વાગ્યા સુધી લાલબંગલા પાસે આંબેડકર પ્રતિમા પાસે વંદનાનો કાર્યક્રમ યોજાશે.

## મોરબીમાંથી પકડાયેલ વિદેશી દારૂના ગુનામાં ચાર માસથી ફરાર આરોપીને પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમે દબોચ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લાતી પ્લોટ વિસ્તારમાં આવેલ તળાવ કાંઠે ઘાસની આડમાં વિદેશી દારૂનો જંગી જથ્થો મળી આવવામાં તથા અન્ય એક પ્રોહી.ના ગુનામાં એમ કુલ બે ગુનામાં છેલ્લા ચારેક માસથી ફરાર આરોપીને મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ દ્વારા પૂર્વ બાતમીને આધારે મોરબીમાંથી જ ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે આરોપીને હસ્તગત કરી આગળની ધોરણસરની કાર્યવાહી અર્થે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં સોંપી



આપેલ છે.

મોરબી જીલ્લા એસપી રાહુલ ત્રિપાઠીની સૂચના અન્વયે મોરબી પેરોલફર્લો સ્કવોડ ટીમ નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે પ્રયત્નશીલ હતા. તે દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડના એએસઆઈ વિક્રમસિંહ બોરાણા, જયવંતસિંહ ગોહિલ તથા હેડ.કોન્સ. પુથ્વીરાજસિંહ જાડેજાને ખાનગીરાહે હકિકત મળેલ કે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ અલગ અલગ બે પ્રોહીબીશનના ગુનામાં નાસતો ફરતો આરોપી અલ્તાફ હાજીભાઇ ખોડ મોરબી જોન્સનગર વિસ્તારમાં આવેલ રાજા નામની પાનની દુકાન પાસે હોવાની ચોકકસ હકિકત આધારે તાત્કાલિક પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમે બાતમી મુજબના સ્થળે તપાસ કરતા ઉપરોકત ગુનામાં નાસતો ફરતો આરોપી અલ્તાફ હાજીભાઇ ખોડ ઉવ-૨૦ રહે.મોરબી જોન્સનગર શેરી નંબર-૮ મળી આવતા તેને હસ્તગત કરી મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં સોપવા કાર્યવાહી હાથ ઘરેલ છે.

આ સફળ કામગીરીમાં મોરબી એલસીબી ઇન્ચાર્જ પીઆઈ એમ.પી.પંડયા તથા પેરોલ ફર્લો સ્કવોડ પીએસઆઈ વી.એન.પરમાર તથા પેરોલ ફર્લો સ્કવોડ સ્ટાફ જોડાયેલા હતા.

## મોરબી જીલ્લામાં જુગાર પરના બે દરોડામાં ૪ મહિલા સહીત ૧૨ જુગારીને ઝડપી લેવાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પોલીસના બે અલગ અલગ જુગારના દરોડામાં શહેરના રણછોડનગર વિસ્તારમાં તથા તાલુકાના મકનસર ગામે જાહેરમાં તીનપત્તીના જુગારની બાઝી માંડી બેઠેલા કુલ ચાર મહિલાઓ સહીત બાર જુગારીને ઝડપી લેવામાં આવ્યા હતા. આ સાથે પોલીસે બે જુદા જુદા દરોડામાં જુગારના પટ્ટમાંથી રોકડા રૂપિયા ૧૬,૮૮૦/- કબ્જે લઇ તમામ વિરુદ્ધ જુગારધારા એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જુગારના પ્રથમ દરોડાની પ્રાપ્ત માહિતી મુજબ મોરબી સીટી બી ડિવિઝન પોલીસે પૂર્વ બાતમીને આધારે નવલખી રોડ નજીક રણછોડનગર વિસ્તારમાં આવેલ સાઈબાબાના મંદિર પાસે દરોડો પાડતા જાહેરમાં ગંજીપત્તા વડે પૈસાની હારજીતનો તીનપત્તીના જુગારની મોજ માણી રહેલા અલીમામદભાઇ જુમાભાઇ સુમરા ઉવ.૪૮ રહે.મોરબી રણછોડનગર સાંઇબાબાના મંદિરની બાજુમાં, નુરમામદભાઇ મહમદહાસમ બુખારી ઉવ.૫૧ રહે.મોરબી રણછોડનગર સાંઇબાબાના મંદિર પાછળ, શૌકતભાઇ ઇસ્માઇલભાઇ સાયચા ઉવ.૨૩ રહે.મોરબી રણછોડનગર સાંઇબાબાના મંદિર પાછળ, શેરબાનુબેન રફીકભાઇ કાસમભાઇ પઠાણ ઉવ.૪૬ રહે. નવલખી રોડ મફતીયાપરામાં મોરબી, રેશ્માબેન ઉર્ફે રસીદાબેન સદામભાઇ કલુભાઇ પઠાણ ઉવ.૨૨ રહે. નવલખી રોડ મફતીયાપરામાં મોરબી, દેવુબેન ઉર્ફે રેવાબેન પોલાભાઇ ટપુભાઇ વાણીયા ઉવ.૪૫ રહે.વાવડી રોડ પટેલ સમાજની વાડી પાસે ભાડેથી મોરબી મુળ રહે.મોરબી રાવળ શેરીમાં, લલીતાબેન ઉર્ફે લીલાબેન શાંતીલાલ છગનભાઇ મારૂ ઉવ.૪૦ નવલખી રોડ રણછોડનગર શેરી.૫ને ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે સ્થળ ઉપરથી ૧૩,૩૮૦/-રોકડા રૂપિયા જપ્ત કરી તમામ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

જયારે જુગારના બીજા બનાવમાં મોરબી તાલુકાના મકનસર ગામે ગોકુલનગર સંતોષ ટ્રાન્સપોર્ટ નજીક જાહેરમાં તીનપત્તીનો જુગાર રમી રહેલા શંકરભાઇ ટીકુભાઇ દેગામા ઉવ.૩૨, રમેશભાઇ બાબુભાઇ દેગામા ઉવ.૩૧, શકતીભાઇ મંગાભાઇ થરેસા ઉવ.૩૨, આકાશભાઇ ધર્મન્દ્રભાઇ પાટડીયા ઉવ.૨૦, વિરમભાઇ દેવશીભાઇ સારલા ઉવ.૩૧ તમામ પાંચેય રહે-નવા મકનસર તા.જી.મોરબીને રંગેહાથ મોરબી તાલુકા પોલીસે ઝડપી લીધા હતા. પોલીસે કુલ રોકડા રૂપિયા ૩,૫૦૦/-ના મુદામાલ સાથે તમામ આરોપીની સ્થળ ઉપરથી અટકાયત કરી મોરબી તાલુકા પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

## ટંકારામાં લઘુ ઉદ્યોગ ભારતી સંગઠનની સવિશેષ બેઠકનું આયોજન કરાયું



**મુખ્ય સમાચાર, ટંકારા**

લઘુઉદ્યોગ ભારતી એ MSME ઉદ્યોગોનું દેશમાં સૌથી મોટું સંગઠન છે. દેશના ૫૬૬ જીલ્લાઓમાં અને ૧૧૩૭ ઔદ્યોગીક ક્ષેત્રોમાં તેના સભ્યો પથરાયેલા છે અને કુલ સદસ્યતા પચાસ હજાર થી વધારે છે.

મોરબી શહેરમાં ૨૫૦ થી વધુ સભ્યો સાથે લઘુ ઉદ્યોગ ભારતી કાર્યરત છે. ત્યારે ટંકારા તાલુકામાં આ સંગઠનને કાર્યરત બનાવવા માટે ગત તા.૧૯ મે ૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે, ટંકારાના છતર GIDC માં એક સવિશેષ બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. આ મિટીંગમાં ૫૦ થી વધુ સ્થાનીક ઉદ્યોગકારોએ ભાગ લીધેલ. આ બેઠકમાં માર્ગદર્શન આપવા લઘુઉદ્યોગ ભારતીના રાષ્ટ્રીયમંત્રી શ્યામ સુંદર સલુજા અને ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ હંસરાજભાઇ ગજેરા ખાસ ઉપસ્થિત રહેલ. બંને મહાનુભાવોએ સ્થાનીક સ્તરે નડતરરૂપ વિવિધ પ્રશ્નો જેવા કે વ્યપારીઓને માલ સપ્લાઇ કર્યા પછી પેમેન્ટ ફસાઇ જવું, PGVCL દ્વારા વિજ સપ્લાયમાં સાતત્યતા ન જળવાવી વગેરે પ્રશ્નોની ઉપર ચર્ચા કરવામાં આવેલ અને તેના ઉકેલ માટે શ્યામ સુંદર સલુજાએ અન્ય જીલ્લાઓમાં આવા પ્રશ્નોના સમાધાન માટે અપનાવામાં આવેલ રસ્તાની માહિતી આપેલ. વિશેષ કરીને એવા પ્રશ્નો કે જે સ્થાનીક સ્તરે ન ઉકેલી શકાતા હોઇ અને રાજ્ય સ્તરે ઉકેલવા પડે તેમ હોઇ તેમાં સંપુર્ણ રીતે સાથ સહકાર આપી સાથે રહેવાની બાહેંધરી આપેલ. સાથો સાથ લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા અત્યાર સુધી દેશભરમાં કરવામા આવેલ વિવિધ કાર્યોની પણ માહિતી આપવામાં આવી હતી.

ઉપરોક્ત કાર્યક્રમમાં લઘુઉદ્યોગ ભારતી - સૌરાષ્ટ્રના વિવિધ હોદેદારો જયભાઇ માવાણી, અરવિંદભાઇ તળપદા, ભરતભાઇ ડાંગરીયા, જયસુખભાઇ રામાણી, દિનેશભાઇ નારીયા, જેન્તિભાઇ મુંગરા, ભિમજીભાઇ ભાલોડીયા વગેરે ઉપસ્થિત રહેલ. સંપુર્ણ કાર્યક્રમનું આયોજન લઘુઉદ્યોગ ભારતી - મોરબી ના પ્રમુખ હરેશભાઇ બોપલીયા, મંત્રી સંદિપભાઇ કૈલા તેમજ ટંકારા સ્થિત ઉદ્યોગકારો ફાલ્ગુનભાઇ સંઘાણી અને હસમુખભાઇ દુબરિયા વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# ફનસ્ટ્રીટમાં બાળકો સાથે મોટેરાઓએ પણ વિસરાયેલી રમતનો ભરપુર આનંદ માણ્યો

## વેકેશનના ચાર રવિવાર સુધી બાળકો ફનસ્ટ્રીટમાં કોથળા દોડ, લીંબુ ચમચી, કેરમ, કબડ્ડી જેવી રમતો રમશે



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અને મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ ચિત્રનગરી દ્વારા દરવર્ષની જેમ આ વર્ષે પણ વેકેશન પડતા આજથી ફરી ફનસ્ટ્રીટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં રાજકોટ શહેરના રેસકોર્સ ખાતે મોબાઈલ ભૂલી બાળકોએ જૂની વિસરાયેલી ૩૦ રમતોનો આનંદ માણ્યો હતો. તેમજ લીંબુ ચમચી, કોથળા દોડ, કેરમની મોટેરાઓએ પણ મજા માણી હતી. હજારોની સંખ્યામાં નાના-મોટા સૌ કોઈ જુદી-જુદી રમતો રમતા જોવા મળ્યા હતા.

વધુમાં જણાવતા કહ્યું હતું કે, ચિત્રનગરી દ્વારા મનપાનાં સહયોગથી વેકેશન દરમિયાન દરેક રવિવારે સવારે ૭ થી ૯ ફનસ્ટ્રીટનું આયોજન કરાય છે. જે અંતર્ગત આજથી ફનસ્ટ્રીટ શરૂ કરવામાં આવતા શાળાએ જવા માટે નહીં ઉઠતા બાળકો સામેથી ઉઠી ગયા હતા. વહેલી સવારથી માતા-પિતા સાથે અહીં પહોંચ્યા હતા. નાના બાળકો, યુવાનો તેમજ વૃદ્ધો પણ ફનસ્ટ્રીટમાં જૂની વિસરાઈ ગયેલી રમતો રમ્યા હતા. આગામી ત્રણ રવિવારે પણ ફનસ્ટ્રીટનું આયોજન કરાશે.

ઉલ્લેખનીય છે કે, ફનસ્ટ્રીટમાં વૃદ્ધોએ પણ લીંબુ ચમચી સહિતની વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. કેટલાક યુવાનો અને વૃદ્ધો ભમરડો ફેરવતા પણ નજરે પડ્યા હતા. ફનસ્ટ્રીટ દરમિયાન રંગીલું ગણાતું રાજકોટ વિવિધ રમતના રંગે રંગાયેલું જોવા મળ્યું હતું. આગામી સપ્તાહથી દર રવિવારે રેસકોર્સ ખાતે ફનસ્ટ્રીટ યોજાશે. જેમાં હજારો લોકો લાભ લેશે.

# ગુજરાત ગેસના મનઘડત નિર્ણય સામે બીલ કલેક્શન એજન્સીઓએ બાંયો ચડાવી

## આગામી તા.૨૩ થી અનિશ્ચિત મુદતની હડતાલ પર જઈ ગેસના બીલ સ્વીકારવાનું બંધ કરશે

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટની બીલ કનેક્શન એજન્સી એસોસીએશન વારા છેલ્લા દસ વર્ષથી ગુજરાત ગેસ લી.ના ગેસ બીલો સ્વીકારવામાં આવી રહ્યાં છે. પરંતુ હમણા ગેસ એજન્સી વારા પરિપત્ર બહાર પાડી જણાવવામાં આવ્યું છે કે, તા.૧ જૂનથી રૂપિયા બે હજારથી ઉપરની રકમના ડોમેસ્ટીક તથા કોમર્શીયલ બીલ ચેક અથવા રોકડાથી ભરી શકાશે નહીં આ માટે ગ્રાહકોએ આવા બીલ ફરજિયાત પણે ડિજિટલી જ ભરવા પડશે જે સામે એજન્સી એસોસીએશનના સભ્યોએ વાંધો ઉઠાવ્યો છે. તેમણે જણાવ્યુ છે કે, ગ્રાહકો માટે આ નિર્ણય કષ્ટદાયક નિવડશે. આ નિર્ણયના વિરોધમાં બીલ કલેક્શન એજન્સી એસોના સભ્યો આગામી તા.૨૩ થી જ્યાં સુધી આ બાબતનું સમાધાન ન થાય ત્યાં સુધી ગેસના બિલ સ્વીકારવાનું બંધ કરશે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# દ્વારકેશ સ્કાય હાઈટ બિલ્ડીંગના પાંચમાં માળેથી ઝંપલાવી પ્રૌઢાનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા દ્વારકેશ સ્કાય હાઈટ ફ્લેટમાં રહેતા પ્રોઢાએ કોઈ અગમ્ય કારણસર પાંચમા માળેથી મોતની છલાંગ લગાવી આત્મહત્યા કરી લીધી હતી. પ્રોઢાના મોતથી પરિવારમાં અરેરાટી સાથે કરુણ કલ્પાંત સર્જાયો હતો.

આ અંગેની માહિતી મુજબ ગાંધીગ્રામ વિસ્તારમાં ખોડીયાર માતાજીના મંદિર પાસે આવેલ દ્વારકેશ સ્કાય લાઈટ ફ્લેટમાં રહેતા ક્રિષ્નાબેન મુકેશભાઈ જોબનપુત્રા નામના ૫૦ વર્ષના પ્રોઢા પોતાના ઘરે હતા ત્યારે સવારના દસેક વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણસર પાંચમા માળેથી મોતની છલાંગ લગાવી હતી. ઘટનાને પગલે આજુબાજુમાં રહેતા લોકો એકઠા થઈ ગયા હતા અને ગંભીર રીતે ઘવાયેલા તાત્કાલિક સારવાર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રોઢાની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં આરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. અને જરૂરી કાર્યવાહી કરી પ્રોઢાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો. આ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ મિહિરસિંહ બારડ સહિતના સ્ટાફે પ્રોઢાના આપવાત પાછળનું કારણ જાણવા હાથ ધરી છે.

# ગોંડલમાં ચેક બાઉન્સ કેસમાં આરોપીને બે વર્ષની કેદની સજા ફટકારતી કોર્ટ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલમાં રહેતા અને રેલવેમાંથી નિવૃત્ત થયેલા રિટાયર્ડ કર્મચારી એ રેલવેમાં જ નોકરી કરતા રાજકોટના કર્મચારીને તેમના મિત્રતા ની મદદથી હાથ ઉછીના પૈસા ૩,૫૦,૦૦૦ આપેલા જે ચેક મારફતે આપેલા હતા.જે ચેક આરોપીએ પરત આપેલ તે બાઉંચ થતા ફરિયાદીએ ગોંડલ કોર્ટમાં કેસ કરતા જેમનો ચુકાદો આવી જતા ગોંડલ કોર્ટએ આરોપીને બે વર્ષની કેદ તેમજ જુદી જુદી સજાઓ સંભળાવી હતી.

ફરીયાદ પક્ષનાં કેસની ટુંકી હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી વિજયકુમાર મનહરલાલ ભટ્ટ જે ગોંડલ શહેરમાં તેમના કુટુંબ સાથે રહે છે અને પહેલા રેલવેમા નોકરી કરતા હતા અને રેલવેમાંથી રીટાયર્ડ થતા હાલ નિવૃત જીવન વિતાવે છે અને આ કામના આરોપી રાજકોટ શહેરમા ઉપરોકત સ્થળ રહે છે અને રેલવેમા નોકરી કરે છે. આમ, આ કામના આરોપી અને ફરીયાદી એકબીજાના મિત્ર થતા હોય જેથી ફરીયાદી આરોપીને ઓળખે છે.જેથી આરોપીએ ફરીયાદી પાસેથી તેમના અંગત કૌટુંબીક જરૂરીયાત માટે સંબંધ અને મિત્રતાની રૂએ હાથ ઉછીના વગર વ્યાજે રૂા.૨, ૫૦, ૦૦૦/-અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા ચેકથી લીધેલ હતા જે રકમ આરોપીએ ફરીયાદીને સમયસર પરત ચુકવી શકેલા નથી અને આરોપીને હજુ વધુ રકમની જરૂરીયાત હોય આરોપીએ તા. ૩૧/૧/૨૦૨૨ ના રોજ ફરીયાદી પાસેથી રૂા.૧, ૦૦, ૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પુરા રોકડા સબંધ અને મિત્રતાની રૂએ હાથ ઉછીના ઉપરોકત વિગતે લીધેલ હતા અને

હાથ ઉછીની રકમ આરોપીએ ફરીયાદીને તા.૩૦/૪/૨૦૨૨ ના રોજ પરત ચુકવી આપવાની હતી તેવી સ્પષ્ટ શરત સાથે વહેવાર કરવામાં આવેલ હતો અને સાથે સાથે આરોપીએ તે જ દિવસે ફરીયાદીના નામ જોગ સદરહું હાથ ઉછીની લીધેલી રકમ પેટે રૂા.૩૦૦/- ના ઇ સ્ટેમ્પ ઉપર વચનચિઠ્ઠી લખી આપી નોટરાઇઝડ કરાવી આપેલ હતી અને તેજ દિવસે એટલે કે, તા. ૩૧/૧/૨૦૨૨ના રોજ આરોપીએ ફરીયાદીને સદરહુ વગર વ્યાજે હાથ ઉછીની લીધેલી રકમ મુદત હરોળે પરત ચુકવવા માટે આરોપીએ તેમની આઈ.સી.આઈ.સી.બેંક, જયહિન્દ પ્રેસ બિલ્ડીંગ રાજકોટ શાખાના આરોપીના ખાતા નં.૦૧૫૩૦૧૫૩૩૧૫૩નો રૂા.૩, ૫૦, ૦૦૦/- અંકે રૂપિયા ત્રણ લાખ પચાસ હજાર પુરાનો ચેક નં.૦૯૫૮૯૦ તા. ૩૦/૪/૨૦૨૨ નો ચેક એડવાન્સમાં આરોપીએ ફરીયાદીના નામે લખી આપેલ હતો અને તેમા આરોપીએ પોતાની સહી કરી આપેલ હતી અને આરોપીએ ફરીયાદીને એવુ વચન કે વિશ્વાસ આપેલ કે, ‘‘અમોએ આપેલ આ ચેક તમો મુદત હરોળ બેંકમા તમારા ખાતામા ભરશો એટલે ચેક મુજબની રકમ તુરત જ તમોને મળી જશે.‘‘ જેથી ફરીયાદીએ આરોપી ઉપર વિશ્વાસ અને ભરોષો રાખીને આરોપી પાસેથી સદરહુ ચેક સ્વીકારેલ હતો.

ઉપરોકત વિગતે આરોપીએ લીધેલ હાથ ઉછીની રકમનો રૂા.૩, ૫૦, ૦૦૦/ - અંકે રૂપિયા ત્રણ લાખ પચાસ હજાર પુરા પરત ચુકવવા માટે આરોપીએ ફરીયાદીને ઉપરોકત વિગતેનો ચેક ફરીયાદીએ તેઓની સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, ગોંડલ શાખામા તેઓના ખાતા નં. ૫૬૦૭૦૧૦૩૮૮૨ માં તા.૧૦/૦૬/૨૦૨૨ ના રોજ જમા કરાવતા આરોપીએ આપેલ ઉપરોકત ચેક તા.૧૩/૦૬/૨૦૨૨ ના રોજ ‘‘અપુરતુ ભંડોળ’’ના શેરા સાથે પરત આવેલ જેની જાણ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ગોંડલ શાખા તરફથી તેઓને બેંકના તા.૧૩/૦૬/૨૦૨૨ ના રોજ રીટર્ન મેમા સાથે જાણ કરવામા આવેલ હતી. જેથી તેઓએ તા.૨૧/૬/૨૦૨૨ ના રોજ તેઓના વકીલ મારફત આરોપીને રજી.એ. ડી. મારફત આરોપીના ઉપરોકત બંને સરનામે નોટીસો મોકલાવેલ હતી તે નોટીસ પૈકી આરોપીના ઓફીસના સરનામે રજી. એ. ડી. મારફતે મોકલાવેલ નોટીસ આરોપીને તા. ૨૧/૬/૨૦૨૨ ના રોજ બજી ગયેલ છે. જેની બજી ગયેલાની સ્વીકૃતી પહોંચ પોસ્ટ ખાતા તરફથી તેઓને પરત મળેલ છે અને આરોપીના ઘરના સરનામે રજી. એ. ડી.મારફતે મોકલાવેલ નોટીસ પોસ્ટના શેરા સાથે પરત ફરેલ છે. આમ, આરોપીને નોટીસ બજી ગયેલ હોવા છતા આરોપીએ આ નોટીસનો આજ દિવસ સુધીમા જવાબ આપેલ નથી કે ચેક મુજબની રકમ ભરપાઈ કરવા આરોપીએ દરકાર પણ કરેલ ન હોય, આ કામના આરોપીએ નેગો.ઇન્સ્ટ્રુ.એકટની કલમ-૧૩૮ મુજબ ગંભીર ગુન્હો કરેલ હોઈ જેથી આ ફીરયાદ કરવાની ફરજ પડેલ

આ ચેક બાઉન્સની ફરિયાદ ગોંડલ કોર્ટમાં તા.૧૮,૦૫,૨૪ ના રોજ ચાલી જતા કોર્ટના અધિક સીનીયર સિવિલ જજ રામકુમાર આર્ય દ્વારા સજા ફટકારવામાં આવી હતી.જેમાં આરોપી દિપકભાઈ કનૈયાલાલ રહે. રાજકોટ.ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ- ૨૫૫(૨) અન્વયે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૮૮૧ ની કલમ-૧ ૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને ૨ (બે) વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ ફરમાવવામાં આવેલ તેમજ તેઓએ ચેકની રકમ કરતાં બમણી ગણી રકમ એટલે કે, રૂા.૭,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા સાત લાખ પુરા/-) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૭ હેઠળ વળતર પેટે હાલના કામના ફરીયાદીને ચુકવવા. જો સબબ આરોપી સદરહુ દંડની રકમ ભરવામાં કસુર કરે તો, તેવા કસુર બદલ બી ૨ (બે) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીને કી.પ્રો.કોડની કલમ ૩૬૩ મુજબ ચુકાદાની એક સર્ટીફાઈડ નકલ વિનામુલ્યે પુરી પાડવાનો હુકમ કરવામાં આવેલ.ઉપરોકત સજાઓ અલગ અલગ ભોગવવાનો આથી હુકમ કરવામાં આવેલ હતો.આ કેસમાં ફરિયાદિ તરફે વકિલ તરિકે દીપકભાઈ એચ. રાવલ ,પરેશભાઈ એચ. રાવલ,ભાવેશ બી. ચોલેરા, તથા પ્રશાંત ભટ્ટ,વિવેકસિંહ જાડેજા,નીતિન સી.ચાવડા રોકાયેલા હતા

# સિલ્વર સ્ટોનના બગીચામાં પ્રૌઢનો માનસિક બિમારીથી કંટાળી આપઘાત

## પરાપીપળીયા ગામે બિમારીથી કંટાળી મહિલાએ એસિડ પી જીવન ટુંકાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભક્તિધામ સોસાયટીમાં રહેતા આધેડ અને પરાપીપળીયા ગામે પરિણીતાએ માનસિક બીમારીથી કંટાળી ઝેર પી આપઘાત કરી લેતા બંને પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની મળતી વિગત મુજબ રાજકોટમાં આવેલ ભકિતધામ સોસાયટીમાં રહેતા મનસુખભાઈ ભીમજીભાઈ પટોરીયા નામના પર વર્ષના આધેડે માનસિક બીમારીથી કંટાળી નાના મવા મેઇન રોડ પાસે આવેલા સિલ્વર સ્ટોન બગીચામાં ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું. હતું. આધેડના મોતથી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

આ ઉપરાંત બીજા બનાવમાં પરાપીપળીયા ગામે રહેતી પૂજાબેન ભરતભાઈ રાઠોડ નામની ૨૭ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે બીમારીથી કંટાળી એસિડ પી લીધું હતું.

પરિણીતાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નીપજતા પરિવારમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક પૂજાબેન રાઠોડના સાત વર્ષ પૂર્વે લગ્ન થયા હતા અને તેણીને સંતાનમાં એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીના શાપર ગામ નજીક રેઢી પડેલી બલેનો કારમાંથી વિદેશી દારૂની ૫૦ બોટલ ઝડપાઇ,આરોપીની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના સાપર ગામ નજીક આવેલ બ્લુ ગ્રેસ સીરામીક સામે આમ્રપાલી કોમ્પ્લેક્સ નજીક પાર્કિંગમાં રેઢી પડેલ નંબર પ્લેટ વગરની મારુતિ સુઝુકીની બલેનો કારમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૫૦ નંગ બોટલ મળી આવતા મોરબી તાલુકા પોલીસ ટીમે બલેનો કારનો કબ્જો લઇ અજાણ્યા કાર ચાલક આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકા પોલીસ ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે સાપર ગામની સીમમાં આવેલ બ્લુગ્રેસ સીરામીક સામે આમ્રપાલી કોમ્પ્લેક્સ સામે પાર્કિંગમાં રહેલી રેઢી મારુતિ સુઝુકીની બલેનો કારમાં વિદેશી દારૂનો જથ્થો છે. જે મળેલ બાતમીને આધારે પંચ સહીત સ્થળ ઉપર જઈ રેઇડ કરી બલેનો કારની ઝડતી તપાસ કરતા બલેનો કારની પાછળની સીટમાં તથા ડેકીમાંથી વિદેશી દારૂની અલગ અલગ બે બ્રાન્ડની કુલ ૫૦ નંગ બોટલ કિ.રૂ.૧૭,૧૪૦/-મળી આવી હતી. જેથી તાલુકા પોલીસે વિદેશી દારૂનો જથ્થો તથા બલેનો કાર કે જેના એન્જીન ચેસીસ નંબર ઉપરથી કારના આરટીઓ રજીસ્ટર નંબર મેળવ્યા હતા. જેના રજી. નં. જીજે-૦૧-આરયુ-૪૨૦૬ એમ કુલ ૩,૧૭,૧૪૦/-નો મુદામાલ કબ્જે લઇ અજાણ્યા કાર ચાલક આરોપી સામે પ્રોહી. હેઠળ ગુનો નોંધી અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબીના મચ્છીપીઠમાં એક સમાજના બે જૂથ વચ્ચે થઇ અથડામણ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના જુના બસ સ્ટેન્ડ નજીક આવેલ મચ્છીપીઠ વિસ્તારમાં ગત મોડીરાત્રે એક જ સમાજના બે જૂથના લોકો વચ્ચે સોડા બોટલ, પથ્થરો તથા બીજા હથિયારો સહીત આમને સામને આવી ધીંગાણું સર્જાયું હતું. કોઈ કારણોસર એક જ સમાજના લોકો સામસામે આવી જઈ એકબીજા ઉપર તૂટી પડતા સ્થિતિ વણસી હતી. ત્યારે સમગ્ર બનાવ અંગે મોરબી પોલીસને જાણ થતાની સાથે પોલીસના ધાડેધાડા ઘટના સ્થળે પહોંચ્યા હતા. પોલીસે પરિસ્થિતિને કાબુમાં લઇ સામસામે થયેલ મારા મારીના બનાવમાં ઇજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવા કવાયત હાથ ધરી હતી.

મોરબીમાં ફરી એકવાર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતી હોવાનો વધુ એક બનાવ સામે આવ્યો હતો. જેમાં ગત મોડીરાત્રે મચ્છીપીઠ વિસ્તારમાં એક જ સમાજના બે પક્ષના લોકો વચ્ચે કોઈ કારણોસર બબાલ થઇ હતી. જે બબાલમાં સ્થિતિ વણસતા બંને પક્ષોએ એકબીજા ઉપર સોડા બોટલ તથા પથ્થરોના સામસામે ઘા કરી એકબીજા ઉપર હુમલો કર્યો હતો. ત્યારે મોરબી સીટી પોલીસમાં જાણ થતા મોરબી એ ડિવિઝન પોલીસ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયી હતી ત્યારે પોલીસે સ્થળ ઉપરથી છરી, સોડા બોટલના ગાલા સહિતના હથિયારો કબ્જે લીધા હતા. અને સામસામા પક્ષોના લોકો કે ધીંગાણામાં ઘાયલ થયા હતા તે તમામને મોરબી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

મોરબી પોલીસે સમયસર આવી સમગ્ર વણસી ગયેલ પરિસ્થિતિને કાબુમાં લઇ મોરબી પોલીસની એસઓજી, એલસીબી સહિતની પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. હાલ પોલીસે સમગ્ર બનાવ બાબતે ગુનો નોંધી બનાવ બનવાનું કારણ જાણવા તપાસ શરૂ કરી છે.

# જામનગર પોલીસની જુગારધામ પર તવાઈ છ મહિલા સહિત ૧૨ ઝડપાયાં

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોલીસની જુગારધામ પર તવાઈ છ મહિલા સહિત ૧૨ ઝડપાયાં જામનગર શહેરના નાગેશ્વર નદીના પટ પાસે આવેલા એનર્જી વેસ્ટ નામના કારખાનાની બાજુમાં રહેતી મેરૂનબેન મામદભાઇ ખફી નામની મહિલાના રહેણાંક મકાનમાં જુગાર ચાલતો હોવાની બાતમી પરથી પોલીસે દરોડો પાડી મેરૂનબેન સહિત જયશ્રીબેન રાજેન્દ્રભાઇ વારીયા, રીનાબેન રમેશભાઇ ઝરમરીયા, ગીતાબેન કપીલભાઇ સોનેયા, મધુબેન જેરામભાઇ વાછાણી અને મનીષાબેન પ્રતાપભાઇ હરવરાને રોકડ રૂા. ૬૯ હજાર તથા મુદ્દામાલ સાથે પકડી પોલીસે ગુનો દાખલ કર્યો છે.બીજા દરોડામાં શહેરના નંદનવન પાર્ક શેરી નં. ૨માં આંગણવાડી



સામે જાહેરમાં તીનપતીનો જુગાર રમી રહેલા રોહિત ઉર્ફે જીજલો દિનેશભાઇ ત્રિવેદી, ભાવીરાજસિંહ ભરતસિંહ પીંગળ અને અજમેરી મોહમદયાકુબ ફકીરને પોલીસે રોકડ રૂા. ૧૦૨૧૦ સાથે પકડી ગુનો દાખલ કર્યો છે.ત્રીજા દરોડામાં શહેરના પટ્ટણીવાડ ડો. ઝાહીદ રાઠોડના દવાખાના સામે જાહેરમાં ચલણી નોટો પર એકીબેકીનો જુગાર રમી હારજીત કરી રહેલા અજય લક્ષ્મણ પરમાર અને મોઇસ અબ્બાસભાઇ હડીયાણાવાળાને પોલીસે રોકડ રૂા. ૧૦૩૯૦ સાથે પકડી જુગાર ધારા મુજબ કાર્યવાહી કરી છે. ચોથા દરોડામાં શહેરના વીભાજી સ્કુલ પાસે જાહેર રોડ ઉપર મોબાઇલમાં એપ્લીકેશનની આઇડી પરથી આઇપીએલમાં ચેન્નઇ અને બેગ્લોર વચ્ચે રમાતા મેચ પર જુગાર રમી રહેલ અજય અતુલભાઇ શાહને પોલીસે રોકડ રૂા. ૪૪૫૦, મોબાઇલ ફોન વગેરે મળી રૂા. ૨૪૪૫૦ના મુદ્દામાલ સાથે પકડી પાડયો હતો. જયારે આ જુગાર રમાડનાર ખોજાભાઇ નામના શખસને પોલીસે ફરાર જાહેર કર્યો છે.

# જેતપુરના યુવાને પ્રેમમાં નાસીપાસ થતા કર્યો આપઘાત

**મુખ્ય સમાચાર, જેતપુર**

શહેરના કણકિયા પ્લોટ વિસ્તારમાં મોમાઈ ચા નામની હોટેલ ધરાવતા અને મોટા ચોક દરબાર ગઢ વિસ્તારમાં રહેતો જયેશ ભુપતભાઈ શોરીયા-ઉવ. ૩૩ નામના પોતાના ઘરે ગળેફાંસો ખાય લીધો હતો.

આ અંગે મૃતકના પિતા ભુપતભાઈ એ જણાવેલ કે જયેશ પરિણીત હતો અને તેને સંતાનમાં એક દીકરો, દીકરી છે. જયેશ રાતે ગોંદરા વિસ્તારમાં નાઈટ ક્રિકેટ મેચ રમીને બે વાગ્યે આવેલ હતો.



જેથી સવારે તે ઉપરના રૂમમાં મોડે સુધી સૂતો રહેલો.

પોતે હોટેલ ચાલ્યા ગયેલ ત્યારે ઘરેથી કોલ આવેલ કે જયેશનો રૂમનો દરવાજો ખોલતો જ નથી. આવા કોલને કારણે ઘરે જઈને દરવાજાને આગડિયા પાસેથી તોડી અંદર હાથનાંખી દરવાજો ખોલીને જોતા જયેશ ગળેફાંસો ખાધેલ હાલતમાં લટકતો હતો. પોલીસે જયેશના પેન્ટના ખિસ્સા તપાસતા તેમાં ચાર પાનાની સુસાઇડ નોટ મળી આવી હતી.પોલીસ પાસેથી મળતી વિગત મુજબ જયેશને એક પરિણીતા સાથે પ્રેમ સંબંધ હોય તે બાબતે તેને પરિણીતા અને તેના પતિ સહિતના લોકો બ્લેકમેઈલ કરતા હોવાથી તે કંટાળીને અંતિમ પગલું ભર્યું હતું.

# બગસરાના ઝાંઝરીયા ગામમાં દુષ્કર્મના કેસમાં આપના નેતાના પુત્રની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બગસરાના ઝાંઝરીયા ગામની મહિલા પર બળાત્કારનાં કેસમાં મુખ્ય આરોપી આપના નેતાના પૂત્રની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે તેને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે રિમાન્ડ નામંજૂર કરી જેલહવાલેનો હુકમ કર્યો હતો. હજુ એક મહિલા સહિત અન્ય ત્રણ ફરાર આરોપી ફરાર હોય તેને ઝડપી લેવા પોલીસે તપાસ હાથ ધરી છે.


જુના ઝાંઝરીયાની બળાત્કાર પીડિતાનું થોડા દિવસો પહેલા સારવાર દરમિયાન રાજકોટ હોસ્પિટલ ખાતે મૃત્યુ થયું હતું. આ ઘટનાને પગલે પોલીસ દ્વારા ૩૦૬ ની કલમનો ઉમેરો કરી આમ આદમી પાર્ટીના આગેવાન સહિત તમામ ચારેય આરોપીઓને પકડવા માટે સઘન તપાસ આદરવામાં આવી હતી. જેને પગલે મુખ્ય આરોપી હરેશ કાંતિભાઈ સતાસિયાને પોલીસે નવા ઝાંઝરીયા ખાતે આવેલ તેની વાડી ના સીમ વિસ્તારમાંથી ઝડપી લીધો હતો. જેને આજે બગસરા કોર્ટમાં રજૂ કરેલ સાથે પોલીસ દ્વારા ત્રણ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી જોકે કોર્ટે રિમાન્ડ નામંજૂર કરી આરોપીને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો. મુખ્ય આરોપી ઝડપાઈ જતા પોલીસને મોટી સફળતા મળી છે જોકે હજુ એક મહિલા સહિત કુલ ત્રણ આરોપી નાસતા ફરી રહ્યા છે.

# જામનગર રોડ પર સ્લમ કવાર્ટરમાં સગપણ તુટી જતા શખ્સે મહિલાને જીવતી સળગાવવાનો પ્રયાસ કર્યો

## બગસરાના વતની રવિ સોલંકી સામે પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધી શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર સ્લમ ક્વાર્ટરમાં રહેતાં મહિલાએ ચાર મહિના પહેલા પોતાની દિકરીનું બગસરાના યુવાન સાથે સગપણ નક્કી કર્યુ હોઇ પણ આ યુવાન કંઇ કામધંધો કરતો ન હોવાની ખબર પડતાં બે મહિના પહેલા સગપણ તોડી નાખ્યું હતું. આ કારણે રોષે ભરાયેલો બગસરાનો એ શખ્સ સતત આ મહિલા અને તેના દિકરીને ધમકી આપી હેરાન કરતો હતો. ગત રાતે ફોન કરી મા-દિકરીને મારી નાખવાની ધમકી આપ્યા બાદ એક વખત ડેલી ખખડાવી ભાગી ગયા બાદ ફરીથી મોડી રાતે આવી બારીમાંથી પેટ્રોલ છાંટી કાંડી ચાંપી દેતાં બારી નજીક જ સુતેલા મહિલા બંને પગ, પેટ, ગુમભાગે ગંભીર રીતે દાઝી જતાં હોસ્પિટલમાં ખસેડાતાં પ્ર.નગર પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધવા તજવીજ કરી હતી.





આ અંગેની માહિતી મુજબ મુજબ જામનગર રોડ પર સ્લમ ક્વાર્ટરમાં રહેતાં ભારતીબેન રમશેભાઇ પરમાર (ઉ.વ.૫૦) રાતે ઘરે હતાં ત્યારે કોઇ એ પેટ્રોલ છાંટી દઝાડી દીધાની ફરિયાદ સાથે સિવિલ હોસ્પિટલમાં પહોંચતા તબિબે પોલીસ કેસ જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, કેતનભાઇ નિકોલા, તૌફિકભાઇ જુણાચે પ્ર.નગર પોલીસમાં જાણ કરતાં પીઆઇ બી. એમ. ઝણકાટની રાહબરીમાં પીએસઆઇ આઇ. એ. બેલીમ, હેડકોન્સ. અલ્પેશભાઇ વઘેરાએ હોસ્પિટલે પહોંચી ભારતીબેન પરમારની પૃછા કરી વિગતો મેળવી હતી.

ભારતીબેને જણાવ્યું હતું કે તેમના પતિ હયાત નથી. પોતે ઘરકામ કરે છે. સંતાનમાં ચાર દિકરીઓ છે. જેમા મોટી દિકરી મધુનું સગપણ ચાર મહિના પહેલા બગસરા બસ સ્ટેશન પાછળ વાલ્મીકીવાસમાં રહેતાં રવિ કેશુભાઇ સોલંકી સાથે નક્કી કર્યુ હતું. સગાઇ કરવામાં આવી નહોતી પણ સવા રૂપિયો દઇ મીઠા મોઢા કરી વાત પાક્કી કરી લેવામાં આવી હતી. જે તે વખતે છુટક કામ કરતો હોવાનું જણાવાયું હતું. પણ બે મહિના બાદ ખબર પડી હતી કે રવિ કોઇ કામ ધંધો કરતો નથી અને બીજી કુટેવ પણ ધરાવે છે. આથી દિકરી મધુનું નક્કી કરેલુ સગપણ અમે તોડી નાંખ્યું હતું.

સગપણ તોડી નાખતા રવિ રોષે ભરાયો હતો અને છેલ્લા બે મહિનાથી સતત અમને હેરાન કરતો હતો અને સગપણ રાખવા દબાણ કરતો હતો. તે વારંવાર રૂબરૂ આવીને અને ફોન કરીને પણ હેરાન પરેશાન કરતો હતો. ગઇકાલે રાતે તેણે એકાદ વાગ્યે ફોન કરી તમને મા-દિકરીને સળગાવી દઇશ તેવી ધમકી આપી હતી. બાદમાં થોડી જ વારમાં તે ઘરની ડેલીએ આવ્યો હતો અને ડેલી ખખડાવી હતી. પણ અમે ડેલી ન ખોલતાં તે જતો રહ્યો હતો. એ પછી અમે સુઇ ગયા હતાં.

રાતે બે વાગ્યા આસપાસ રવિએ બારીમાંથી પેટ્રોલ છાંટયું હતું અને દિવાસળી ચાંપતાં બારી પાસે મારા માતા ભારતીબેન સુતા હોઇ તે બંને પગે, ગુપ્ત ભાગે અને પેટના ભાગે દાઝી ગયા હતાં. દેકારો થતાં હું જાગી ગઇ હતી. એ વખતે રવિ ભાગી ગયો હતો. ભાગી છુટેલા રવિ વિરૂધ્ધ ગુનો નોંધી તેને શોધી કાઢવા પ્ર.નગર પીઆઇ બી. એમ. ઝણકાટની રાહબરીમાં ટીમે તપાસ હાથ ધરી છે. આ બનાવથી સ્લમ ક્વાર્ટર વિસ્તારમાં ચકચાર મચી ગઇ હતી.

# અંધશ્રધ્ધાનો ભોગ બનેલી બાળકીએ હોસ્પિટલને બીછાને દમ તોડયો

## સુરેન્દ્રનગરના જોરાવરનગરની ઘટનાઃ બાળકી બિમાર પડતા ભુવા પાસે લઈ ગયાઃ ભુવાએ અગરબત્તીના ડામ આપ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુરેન્દ્રનગરના જોરાવરનગરમાં રહેતા પરિવાર બાળકી બીમાર પડતા શ્રદ્ધા સાથે ભુવા પાસે ગયેલ પણ ભુવાએ માસૂમના શરીર પર અગરબત્તીના ડામ આપ્યા હતા. માસુમ બાળકીને તાત્કાલિક સારવાર માટે રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં માસુમ બાળકીનું સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો હતો.

આ અંગેની માહિતી મુજબ સુરેન્દ્રનગરમાં આવેલા જોરાવરનગરમાં રહેતો પરિવાર ખેત મજૂરી કરે છે. અહીં એક ફાટક પાસે ઝૂંપડપટ્ટીમાં રહે છે. બાળકીનો પરિવાર માતાજી અને



ભગવાનમાં પૂર્ણ શ્રદ્ધા રાખે છે. અહીં ઝૂંપડપટ્ટીમાં એક ભુવા હોય તેના સંપર્કમાં પણ આ પરિવાર રહેતો હતો. દરમિયાન બાળકી બીમાર પડી હતી. તાવ, શરદી રહેતા હતા. પરિવારે પ્રાથમિક સારવાર કરાવી હશે. પણ પરિવારને શું સુજ્યું કે, ૩ માસની બાળાને ભુવા પાસે લઈ ગયા અહીં ભુવાને હવાલે બાળકીને કરી દીધી. ભુવાએ માસૂમ પર દયા ખાધા વગર અગરબત્તીના ડામ આપ્યા હતા. પ્રથમ દિવસ જતો રહ્યો પણ બીજા દિવસે બાળકીની તબિયત વધુ ખરાબ થઈ. તેને પ્રથમ સુરેન્દ્રનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

જયાંથી ડોકટરોએ તપાસતા બાળકીના શરીરે ડામના નિશાન હોય, તબિયત વધુ લથડતી હોય તેવું જણાતા ડોકટરે રાજકોટ રીફર કરવાની સલાહ આપતા, તત્કાલ એમ્બ્યુલન્સ મારફત માસૂમ બાળાને રાજકોટ સિવિલ હોસ્પિટલની ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરવામાં આવેલ. અહીં ફરજ પરના ડોકટર સ્થિતિ સમજી ગયા અને બાળકીને તત્કાલ સારવારમાં ખસેડી હતી.

ઝનાના હોસ્પિટલના બાળ નિષ્ણાંત ડોકટરે બાળકીની સારવાર શરૂ કરવા સાથે સાથે અહીંના સ્થાનિક પોલીસ સ્ટેશનમાં એમએલસી દાખલ કરાવી પોલીસને સત્તાવાર વિગતો આપી હતી. રાજકોટ હોસ્પિટલના બિછાને સારવાર લઈ રહેલી ત્રણ માસની બાળકીએ હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

પ્રાથમિક પૂછપરછમાં માસૂમ બાળકી એક ભાઈ એક બહેનમાં નાની છે. તેના પિતાને પણ ગંભીર બીમારી છે. બાળકી પણ થોડા સમયથી બીમાર હોય, પિતાની બીમારીની અસર થઈ હોય તેવું પરિવારને લાગતા દવા સાથે દુવા પણ કામ લાગે તેવી આશા સાથે ભુવા પાસે ગયા હતા. પણ ભુવાએ માસૂમના શરીર પર અગરબતીના ડામ દેતા તબિયત સુધરવાના બદલે વધુ બગડી હતી. અને અંતે બાળાનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના અંગે સુરેન્દ્રનગર પોલીસે નોંધ કરી કાનૂની તપાસનો દોર લંબાવ્યો છે.

# વિશ્વનગર આવાસના કવાર્ટરમાં જુના ઝઘડાનો ખાર રાખી યુવાન પર હીચકારો હુમલો

## સાત શખ્સોએ છરી વડે હુમલો કરી યુવાનને ગંભીર ઈજા કરી નાસી ગયાઃ પોલીસે ગુનો નોંધી શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં નેહનગર સોસાયટીમાં આવેલ માલધારી ચોકમાં રહેતો યુવાન ખીજડા વાળા રોડ ઉપર આવેલ વિશ્વનગર આવાસ યોજનાના ક્વાર્ટર પાસે હતો. ત્યારે જૂની અદાવતનો ખાર રાખી સાત શખ્સોએ છરી વડે જીવણ હુમલો કર્યો હતો. હુમલો કરનાર શખ્સો વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

નેહરૂનગર સોસાયટીમાં આવેલા માલધારી ચોકમાં રહેતા ચેતન ઉર્ફે મહાદેવ ભરતભાઈ સામેચા નામનો ૨૧ વર્ષનો યુવાન ખીજડાવાળા રોડ ઉપર વિશ્વનગર આવાસ યોજનાના ક્વાર્ટર પાસે હતો ત્યારે જૂની અદાવતનો ખાર રાખી રશી પદમસિંગ ઠાકુર, દીકુ, પાર્થ અને યશ સહિત ત્રણ અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો અને સોડા બોટલ વડે માર મારી હુમલાખોર શખ્સો ભાગી ગયા હતા. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે ઈજાગ્રસ્ત ચેતન ઉર્ફે મહાદેવ સમેચાએ હુમલાખોર શખ્સો વિરુદ્ધ માલવીયાનગર પોલીસ મથકમાં જીવલેણ હુમલો કર્યાની ફરિયાદ નોંધાવી છે. અને ફરિયાદમાં નોંધાવ્યું હતું કે આરોપી રશી પદમસિંહ ઠાકુર તેના મિત્રો સાથે ૧૫ દિવસ પહેલા તેના બનેવી વિપુલભાઈના ઘર પાસે કોઈને શોધવા આવ્યા હતા ત્યારે બેફામ ગાળો બોલતા હતા જેથી બનેવી વિપુલભાઈએ બધાને ત્યાંથી ભગાડીયા હતા જે વાતનો ખાર રાખી આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી આવી હુલ્લડ કરી વિપુલ ક્યાં છે કહી બીભત્સ ગાળો ભાંડી હતી અને છરી વડે હુમલો કરી ગળાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની કોશિશ કરી હતી અને સોડાની કાચની બોટલો વડે માર માર્યો હતો. ફરિયાદના આધારે માલવિયાનગર પોલીસ મથકના પીઆઈ જે.આર. દેસાઈ સહિતના સ્ટાફે કાનૂની તપાસનો દોર લંબાવ્યો છે.

# સાધુ વાસવાણી રોડ પર છેતરપીંડીથી કાર ઉઠાવી જનાર શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સાધુ વાસવાણી રોડ પર રહેતા અને સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરતાં પ્રૌઢને કોન્ટ્રાક્ટમાં કાર મૂકી દેવાનું કહી રૂ.૧.૭૮ લાખની છેતરપિંડી કરનારની ક્રાઈમ બ્રાન્ચે સાંઢિયા પુલ પાસેથી ધરપકડ કરી છે. વિગતો મુજબ સિક્યુરિટી ગાર્ડનું કામ કરતાં પ્રૌઢને પાડોશમાં રહેતા પ્રિયેશ નરેન્દ્રભાઈ દવે





નામના શખ્સે જીલ્લા પંચાયતમાં કારનો કોન્ટ્રાક્ટ અપાવવાનું કહી રોકડ રૂ.૨૮ હજાર પડાવ્યા બાદ ૧.૫૦ લાખની કારની ખરીદી કરાવી પોતે તે કાર ઓળવી છેતરપિંડી કરતાં સિક્યુરિટી ગાર્ડે ફરિયાદ નોંધાવી હતી. જે ગુનામાં નાસ્તા ફરતા પ્રિયેશને કાર સાથે ક્રાઈમ બ્રાન્ચની ટીમે સાંઢિયા પુલ પાસેથી ધરપકડ કરી પ્ર. નગર પોલીસને સોંપ્યો હતો.

# ગૃહકલેશથી કંટાળી નીકળી ગયેલી પરિણીતાને હેમખેમ ઘેર પહોંચાડતી ટીમ અભયમ્

## મહિલાનું પરિવાર સાથે પુનઃમિલન કરાવનાર ટીમ અભયમ્નો પરિવારે આભાર વ્યક્ત કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીમાં મજૂરી અર્થે આવેલા શ્રમિક દંપતિ વચ્ચે ઝઘડો થતા ગૃહકલેશથી કંટાળી પરિણીતા પરેથી નીકળી ગઈ હતી. પરેથી નીકળી ગયેલી પરિણીતાનું ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમે પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું હતું. મહિલાનું પુનઃમિલન કરાવનાર ટીમ અભયમનો પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો મોરબીમાં એક મહિલા રસ્તા ઉપર

રઝળતી હોવાનું અને રડતી હોવાની એક જાગૃત નાગરિકે ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં ફોન કરી મહિલાને મદદ કરવા જાણ કરી હતી જાણ થતાની સાથે જ મોરબીમાં કાર્યરત ૧૮૧ મહિલા હેલ્પલાઈનના કાઉન્સેલર સેજલ પટેલ, કોન્સ્ટેબલ રંજનબેન અને પાયલોટ પ્રદીપભાઈ ઘટના સ્થળે દોડી ગય હતા.

સર્જન વ્યક્તિએ જણાવેલ કે મહિલા ક્યારના એકલા બેઠા હોય તેમજ રોતા હોય ત્યારબાદ સૌ પ્રથમ મહિલાને સાંત્વના આપી સરળતાપૂર્વક કાઉન્સિલિંગ કરેલ તો તેમણે જણાવેલ કે તેવો મધ્યપ્રદેશના વતની છે અને આહીંયા તેઓ કંપનીમાં કામ કરવા માટે તેમના પતિ સાથે આવેલ હોય પરંતુ પતિ સાથે ઝઘડો થતાં તે તેમના પતિને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયેલ હોય મહિલાને સલાહ સુચન માર્ગદર્શન આપેલ સમજાવેલ કે હવે પછી તેમના પતિને જાણ કર્યા વગર ઘરેથી નીકળશે નહીં અને પછી તે ક્યાં રહે છે તેનું સરનામું જણાવ્યા પ્રમાણે તેમના પતિને સોંપેલ પતિનું કાઉન્સિલિંગ કરતા તેમણે જણાવેલ કે આજુબાજુના વિસ્તારમાં તેમજ ઘણા લોકોને તેમની પત્ની ભાબતે પૂછપરછ કરેલ પરંતુ કાંઈ ખબર મળેલ નહીં પોતે પણ ચિંતિત હતા માટે ટીમ દ્વારા તેમના પતિને જણાવેલ કે હવે પછી તેમની પત્નીનું ધ્યાન રાખે જેથી હવે પછી આવી રીતે પરેથી ના નીકળે આમ મહિલાનુ પતિ સાથે મિલન કરાવેલ મહિલાના પતિએ ૧૮૧ અભપમ ટીમનો આબાર માન્યો હતો.

# ઉપલેટામાં કૌટુંબિક કાકાએ સગીર ભત્રીજી પર આચર્યુ દુષ્કર્મ

## પરિવારના સભ્યોને જાણ થતા સગીરાને ઠપકો આપતા તેણીએ કર્યો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટા તાલુકા પંથકમાં તાલુકાના એક ગામમાં રહેતી સગીરા પર તેમના જ કૌટુંબિક કાકાને નજર બગાડી અને દુષ્કર્મ આચાર્ય હોવાનું સામે આવ્યું છે. આ દુષ્કર્મની જાણ સગીરાના પરિવારજનોને થઈ જતા સગીરાને તેના પરિવાર દ્વારા ઠપકો આપતા અને સમાજમાં બદનામી થશે તેવા ડરથી સગીરાએ એસિડ પી લઈ આપઘાતનો પ્રયાસ પણ કર્યો હતો.ભાયાવદર પોલીસે સમગ્ર મામલે પોકસો એક્ટની કલમ ૬ હેઠળ ગુનો નોંધી આ શખસને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે. ઉપલેટા તાલુકા પંથકમાં રહેતા પરિવારની સગીરા સાથે દુષ્કર્મ થયું હોવાની ફરિયાદ ભાયાવદર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, તેમની ૧૬ વર્ષની સગીર દીકરીને તેમના જ કૌટુંબિક કાકાને ફોન કરી પાછળના ભાગે બોલાવી હતી. જેથી કૌટુંબિક કાકાને મળવા માટે ગયેલ સગીરાને કૌટુંબીક કાકાએ પાસે બેસાડી તેની સાથે જબરદસ્તી આચરી હતી. સગીરાએ ઈન્કાર કરતા તેને પકડી રાખી તેની સાથે બળજબરી કરી દુષ્કર્મ આચર્યું હતુ..

આ ઘટના બાદ સગીરા ગભરાઈ ગઈ હતી અને બાદમાં કૌટુંબિક કાકો ત્યાંથી નાસી છૂટ્યો હતો અને સગીરા પણ પોતાના ઘરે ચાલી ગઈ હતી. સગીરા ઘરે મોડી પરત ફરતા પરિવારે આ અંગે પૂછતા સગીરા સાથે બનેલ બનાવ અંગેની વાત પરિવારને જણાવતા પરિવાર ચોંકી ઉઠયો હતો. પરિવારે સગીરાને ઠપકો આપતા અને સમાજમાં બદનામી થશે તેવા ડરથી સગીરાએ એસિડ પી લઈ આપઘાતનો પ્રયાસ પણ કર્યો હતો. જેથી તેને પ્રથમ ભાયાવદરમાં બાદમાં ઉપલેટા અને વધુ સારવાર માટે જુનાગઢ અને ત્યાંથી રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. આ બનાવ અંગે સગીરાના પરિવારની ફરિયાદ પરથી ભાયાવદર પોલીસે સમગ્ર મામલે પોકસો એક્ટની કલમ ૬ હેઠળ ગુનો નોંધી આ શખસને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

# જંગલેશ્વરના શિયાણીનગરમાં વીજ શોક લાગતા મહિલાનું કરૂણ મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જંગલેશ્વરમાં આવેલ શીયાણીનગરમાં પાણી ભરવા ઈલે. મોટર ચાલુ કરવા જતા ૪૫ વર્ષીય મહિલાને વીજ શોક લાગતા ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજતા અરેરાટી વ્યાપી ગઈ હતી. પ્રાપ્ત વિગત મુજબ જંગલેશ્વરમાં ભવાની ચોક પાસે શીયાણીનગરમાં રહેતા સોનલબેન મોહનભાઈ વડગામા (ઉ.વ.૪૫) ગઈકાલે સાંજે પોતાની ઘરે હતા ત્યારે પાણી ભરવા માટે ઈલે. મોટર ચાલુ કરતી વેળાએ અચાનક જ વીજ શોક લાગતા ત્યાં જ બેભાન થઈ ઢળી પડયા હતા. બાદમાં પરિવારજનોએ તાત્કાલીક ૧૦૮ને જાણ કરતા ૧૦૮ની ટીમે મહિલાને તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે જાણ થતા ભકિતનગર પોલીસ મથકના એએસઆઈ ધર્મેશ ડાંગર સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને સીવીલ હોસ્પિટલે પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. વધુમાં મળેલ વિગત મુજબ મૃતક મહિલાના પતિ મજુરી કામ કરે છે અને સંતાનમાં બે પુત્રો છે. જે મા વિહોણા થતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

# સાંઢિયા પુલ પર તા.૨૨ મેથી તમામ પ્રકારના વાહનોની અવર-જવર પર પ્રતિબંધ

## પુલનું નવીનીકરણ કરી નવો ફોર લેન બ્રિજ બનાવવાની કામગીરી શરૂ કરવાની હોવાથી પોલીસ કમિશનરે જાહેરનામુ બહાર પાડ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર આવેલા સાંઢીયા પુલનું નવીનીકરણ કરી નવો ફોર લેન બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે. આગામી તા.૨૨ મે થી તમામ પ્રકારના વાહનોની અવરજવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા વિવિધ વાહનો માટેના રસ્તાનું જાહેરનામું પ્રસિધ્ધ કરાયુ છે. જેનો ભંગ કરનાર વાહન ચાલક સામે કાર્યવાહી કરાશે. જામનગર રોડના સાંઢીયા પુલ પર દરરોજ ૩૦ હજારથી વધુ વાહન ચાલકો અવર જવર કરે છે.ચાર દાયકા પહેલા બનેલ પુલ સાંકડો પડિ રહ્યો



હોવાથી ફોર લેન પુલના નિર્માણની કામગીરી હાથ ધરી છે.હોસ્પિટલ ચોકથી માધાપર ચોકડી તરફ ટુ વ્હીકલ વાહનો હોમફોર બોયઝથી ભોમેશ્વર ફાટક થઈ જામનગર રોડ તરફ જઈ શકશે. ટુ વ્હીકલ સિવાયના તમામ વાહનો માટે વન-વે રહેશે.


માધાપર ચોકડી થી હોસ્પિટલ ચોક તરફ ટુ-વ્હીલર વાહનો ભીમેશ્વર મંદિર થી ભોમેશ્વર ફાટક થી હોમફોર બોયઝ હોસ્પિટલ ચોક તરફ જઈ શકશે. ટુ થી વ્હીકલ, કાર, એમ્બ્યુલેન્સ, જેવા લાઈટ વેઈટ વ્હીકલો રેલનગર મહાર ચોરબીથી, એસિટ સાચોક અપયોગ અંડર બ્રિજ થી રેલનગર મેઈન રોડ થી પોપટપરા મેઈન રોડ થી પોપટપરા નાલામાંથી રેલ્વે સ્ટેશન મેઈન રોડ થી હોસ્પિટલ ચોક તરફ જઈ શકશે તેમજ માધાપર ચોકડી થી ૧૫૦ ફૂટ રીંગ રોડ થી રૈયા ચોકડી થી રેષકોર્ષ થી હોસ્પિટલ ચોક તરફ જઈ શકશે. થી વ્હીકલ તથા કાર જેવા વ્હીકલો માટે એરપોર્ટ બગીચા રેલનગર અંડર બ્રિજ ચોક) થી ભોમેશ્વર રોડ તરફ જવા માટે પ્રવેશ બંધ રહેશે. તમામ એસ.ટી. બસો માધાપર ચોકડી થી રૈયા ચોકડી થી આમપાલી અંડર બ્રિજ થી એસ.ટી બસ સ્ટેશન તરફ જઈ શકશે.

# જનાના હોસ્પિટલમાંથી રિક્ષાની ઉઠાંતરી કરનાર રીઢો તસ્કર ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઝનાના હોસ્પિટલ ચોક પાસેથી બે દિવસ પહેલાં ચોરાયેલી રિક્ષા અંગે પોલીસે સીસીટીવી ફુટેજ મેળવી પગેરુ દબાવી રૈયાધાર પરથી એ ડિવિઝન પોલીસે ઝડપી ૧.૩૦ લાખની કિંમતની રિક્ષા કબ્જે કરી છે.

આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ રૈયાધાર પર આવેલા ઈન્દિરાનગરમાં રહેતા મનોજભાઇ પ્રવિણભાઇ પરમારની દોઢ વર્ષની પુત્રીને સારવાર માટે ઝનાના હોસ્પિટલમાં દાખલ કરી હોવાથી પોતાની રિક્ષા ઝનાના હોસ્પિટલના દરવાજા પાસે પાર્ક કરી હતી ત્યાંથી તસ્કરો રૂા.૧.૩૦ લાખની કિંમતની જી.જે.૦૩બીયુ. ૧૫૩૧ નંબરની રિક્ષા ચોરાયાની એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.પી.આઈ. આર.જી.બારોટ, પીએસઆઈ એસ.એમ.રાણા, એએસઆઈ એમ.વી.લુવા, હેડ કોન્સ્ટેબલ અજયભાઈ બસીયા અને રમેશભાઈ માલકીયા સહિતના સ્ટાફે સીસીટીવી ફુટેજ મેળવી રિક્ષા નંબરના આધારે તપાસ કરતા



રિક્ષા રૈયાધાર તરફ જતો હોવાનું જણાતા મુળ જોડીયાના જીતેન્દ્ર ઉર્ફે જીત્યો ગોવિંદ પરમાર નામના શખ્સને ઝડપી રિક્ષા કબ્જે કરી છે. જીતેન્દ્ર ઉર્ફે જીત્યો આ પહેલાં પ્ર.નગર, મોરબી અને હળવદમાં વાહન ચોરીના ગુનામાં ઝડપાયો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.